પોલીસ કમિશનરની કચેરી, શાહીબાગ, અમદાવાદ શહેર
ફોન નં- ૦૭૯-૨૫૬૨૦૦૫૩, e - mail: lb-cp-ahd@gujarat.gov.in

ક્રમાંક . જ/૬૫૬/દશેરા જાહેરનામું/૩૪૪૬/૨૦૨૨ તા:૨૨/૦૯/૨૦૨૨

## જાહેરનામું

આગામી નવરાત્રી અને દશેરાના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાઓએ આવતા જતા રાહદારીઓ અને વાહનોમાં જતા - આવતા ઈસમોને રોકી બળજબરીથી પૈસા ઉઘરાવવાની તથા નવરાત્રીની ઉજવણી દરમ્યાન જાહેર ત્રાસ દાયક કૃત્યોથી લોકોને અડચણ/ત્રાસ અથવા ઈજા થવાની અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની તથા બખેડો કે હુલ્લડ થવાની પ્રબળ શક્યતા રહે છે. અને તેમ થતું અટકાવવું જરુરી હોવાથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા માટેના પુરતા કારણો અસ્તિત્વમાં હોવાનું મારુ માનવું છે.

આથી હું સંજય શ્રીવાસ્તવ,પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ સત્તાની રુએ હુકમ કરું છું કે,

અમદાવાદ શહેર પોલીસ કમિશનરના કાર્યક્ષેત્ર હેઠળના સમગ્ર વિસ્તારમાં **તા:૨૩/૦૯/૨૦૨૨ થી તા:૦૫/૧૦/૨૦૨૨** દરમ્યાન કોઈપણ વ્યક્તિએ કોઈપણ જાહેર જગ્યાએ આવતા જતા રાહદારીઓ કે વાહનોમાં જતા આવતા શખ્સો કે ઈસમો પાસેથી નવરાત્રી અને દશેરા અંગે બળજબરીથી પૈસા ઉઘરાવવા નહીં અથવા બીજા કોઈ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર જતા આવતા રાહદારીઓ અથવા વાહનો રોકવા નહીં. નવરાત્રીની ઉજવણી દરમ્યાન કોઈ અશ્લિલ અરુચિકર કે ત્રાસદાયક દેખાય તેવાં કૃત્યો કરવા નહીં.

**-:વિસ્તાર :-**

અમદાવાદ શહેર,પોલીસ કમિશનરના કાર્યક્ષેત્ર હેઠળનો સમગ્ર વિસ્તાર

**:-શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. જે ગુન્હો ગૃહ વિભાગ, ગુજરાત સરકારના જાહેરનામાં ક્રમાંક: જીજી/૩૫૬/એસીબી-૧/સીએલએ /૧૦૮૯ /૧૯૭૨૬ તા:૧૮/૧૨/૭૯થી એક પોલીસ અધિકારનો અને બિનજામીન લાયક જાહેર થયેલ છે.

**-: જાહેર વિજ્ઞાપન :-**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેને નક્લો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન ઉપરથી બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ. અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ : ૨૨/૦૯/૨૦૨૨ એ મે મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.

તા. ૨૨/૦૯/૨૦૨૨
અમદાવાદ શહેર.

COMMISSIONER OF POLICE A'BAD CITY

**<u>નકલ સવિનય રવાના :</u>**

૧.મેનેજરશ્રી સરકારીં પ્રેસ અને સ્ટેશનરી વિભાગ, વડોદરા

૨/- ગુજરાત સરકારમાં પ્રસિધ્ધ કરવા સારુ

૨. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર

૩. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા, પોલીસ ભવન, ગાંધીનગર.

૪. કલેકટરશ્રી, જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ

૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ (૫ નકલ )

૬. રજીસ્ટ્રારશ્રી, સીવીલ અને સેશન્સ કોર્ટ ભદ્ર, અમદાવાદ (૫ નકલ )

૭. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘીકાંટા, અમદાવાદ (૨૫ નકલ )

૮. મ્યુનીસીપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર

૯. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, સીટી સીવીલ અને મેટ્રોપોલીટનની કોર્ટ, અમદાવાદ શહેર

૧૦. સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર

૧૧. માહીતી નિયામકશ્રી, સચિવાલય, ગાંધીનગર ( ૨ નકલ)

૨/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારુ

**<u>નકલ રવાના :</u>**

૧. સં.પો.કમિ.શ્રી, સેકટર-૨, અમદાવાદ શહેર

૨. અધિક પો.કમિ.શ્રી, સેકટર-૧, ક્રાઈમ, વિશેષ શાખા, અમદાવાદ શહેર

૩. નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧ થી ૭, અમદાવાદ શહેર

૪.તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક,અમદાવાદ શહેર.

૫. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, એ થી એન ડીવીઝન, અમદાવાદ શહેર

૬. જન સંપર્ક અધિકારીશ્રી, કન્ટ્રોલ રુમ, અમદાવાદ શહેર

/- જાણ સારુ દૈનીક પત્રોમાં/દુરદર્શન/આકાશવાણી પર પ્રસિધ્ધ કરવા સારુ

૭. તમામ પોલીસ ઈન્સ્પેકટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર

/- જાણ સારુ તેમજ પો.સ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારુ

૮. મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક (વહીવટ) શાખા, અમદાવાદ શહેર (૮ નકલ )

/- ટ્રાફીક મોબાઈલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારુ